صفة الوضوء والصلاة)مرئي(

હું વઝૂ કેવી રીતે કરું?

મ

અવાજ

૧

અઝાનની અવાજ..

૨

{يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِذَا قُمْتُمْ إِلَى الصَّلَاةِ فَاغْسِلُوا وُجُوهَكُمْ وَأَيْدِيَكُمْ إِلَى الْمَرَافِقِ وَامْسَحُوا بِرُءُوسِكُمْ وَأَرْجُلَكُمْ إِلَى الْكَعْبَيْنِ}

{હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે નમાઝ પઢો તો પોતાના ચહેરાને અને પોતાના હાથોને કોણીઓ સુધી ધોઇ લો, પોતાના માથાઓ પર હાથ ફેરવી લો અને પોતાના પગને ઘુંટીઓ સુધી ધોઇ લો}

[સૂરે અલ્ માઇદહ: 3]

3

વઝૂ વગર નમાઝ નથી, નિયત વગર વઝૂ નથી, નિયત નિખાલસતા વગર નથી અને નિયતની જગ્યા દિલ છે જબાન નથી.

૪

શરૂં કરૂં છું અલ્લાહના નામથી..

વઝૂ કરતા પહેલા બિસ્મિલ્લાહ પઢવું જોઈએ.. તો આપણે આપણું વઝૂ શરૂ કરીએ.. જો શક્ય હોઈ તો મોઢું સાફ કરવા આપણે મિસ્વાકનો ઉપયોગ કરીએ છીએ..

૫

આપણે પોતાની હથેળીઓ ત્રણ વખત ધોઈએ, આપણે આંગણીઓના બોળખાથી શરૂઆત કરીને હથેળીઓ સુધી..

૬

અમે હથેળીઓને કાંડા સુધી ત્રણ વાર સતત ધોઈએ છીએ.

૭

જમણા હાથની હથેળીથી શરૂ કરીને, અમે તેને ત્રણ વખત ધોઈએ છીએ, ત્યારબાદ ડાબા હાથની હથેળીને ત્રણ વખત ધોઈએ છીએ.

૮

જમણી હથેળી, પછી ડાબી, પછી ડાબી, પછી જમણી.. વગેરે ધોવાની પણ છૂટ છે.

૯

ખાતરી કરો કે પાણી આપણી આંગણીઓ વચ્ચે ગયું છે કે નહીં..

૧૦

ફરી આપણે મઝ્મઝહ (મોંના કોગળા કરવા) અને ઇસ્તિન્શાક (નાક સાફ કરવા) તરફ આગળ વધીએ છીએ..

૧૧

મઝ્મઝહ (કોગળા કરવા) તે મોઢામાં પાણી નાખવું અને તે પાણીને અંદર ફેરવવું, ફરી તે પાણીને બહાર કાઢી નાખવું.

૧૨

અને ઇસ્તિન્શાક (નાક સાફ કરવું) તે એક શ્વાસમાં પાણીને નાકમાં ચઢાવવું, ફરી ડાબા હાથ વડે તેને બહાર કાઢવું

૧૩

અને સુન્નત તરીકો તે છે કે નાકમાં પાણીને ખુબ ચઢાવવું, જો તેણે રોઝો રાખ્યો ન હોઈ..

૧૪

અને મઝ્મઝહ (મોંના કોગળા કરવા) અને ઇસ્તિન્શાક (નાક સાફ કરવા) ના બે તરીકા છે:

૧૫

એક સાથે કરવું, એક ખોબામાં પાણી લેવું, અને તે પાણી વડે પહેલા કોગળા કરવા, ફરી તે પાણીને નાકમાં ચઢાવવું...

ફરી પાણીને મોઢામાં ફેરવવું અને તેને બહાર કાઢી નાખવું, ફરી આપણે ડાબા હાથ વડે જે પાણીને નાકમાં નાખ્યું છે તેને બહાર કાઢીએ છીએ..

આપણે આવું ત્રણ વખત કરીએ છીએ, અને પાણીને ત્રણ વખત લઈ જઈએ છીએ.

૧૬

અલગ અલગ કરવું, એક વખત કોગળા કરવા માટે પાણી લેવું, અને એક વખત પાણી નાક સાફ કરવા માટે લેવું, આપણે એક વખત પાણી લઇ, તે સંપૂણ પાણીને મોઢામાં નાખીશું, ફરી તેને મોઢામાં ફેરવીશું, ફરી તેને બહાર કાઢી લઈશું, ફરી બીજી વાર પાણીને લઈશું અને તેના વડે નાક સાફ કરીશું, ફરી તેને ડાબા હાથ વડે બહાર કાઢી લઈશું..

૧૭

કોગળા કર્યા પછી, અને નાક સાફ કર્યા પછી: ચહેરો ધોવો..

૧૮

ચહેરાની લંબાઈ છે: માથાના વાળની મૂળથી લઇ હડપચી સુધી, અને પહોળાઈ બંને કાનના વચ્ચેનો ભાગ

૧૯

ચહેરા પરના દરેક વાળ ધોવાની સાથે સાથે, જેમકે દાઢી, મૂછો, ભમર અને આંખની પાંપણ, ગળા અને નીચેના હોઠની નીચે આવતા વાળ પણ ધોવા..

૨૦

ચહેરો ધોવાના બે તરીકા છે:

૨૧

પહેલો તરીકો: આપણે બંને હાથ વડે એક સાથે પાણી લઈશું, ફરી આપણે માથાના વાળની મૂળ થી લઇ હડપચી સુધી અને જમણા કાનથી લઇ ડાબા કાન સુધી, અને જો દાઢીના વાળ વધારે હોઈ તો સુન્નત એ છે કે તાળવાની નીચે પાણી નાખી તેને ભીની કરી તેમાં હાથ ઘસવો.

આપણે ત્રણ વખત કરીશું જેથી સારી રીતે થાય, અથવા બે વખત અથવા એક વખત અને તે વાજિબ છે.

૨૨

બીજો તરીકો: આપણે ફક્ત જમણા હાથમાં પાણી લઈશું, ફરી તેને ચહેરા પર નાખી, ચહેરાને બંને હાથ

વડે એક સાથે ધોઈશું, જેવું આપણે પહેલા તરીકામાં કર્યું.. આપણે ત્રણ વખત કરીશું..

૨૩

વઝૂમાં અંગોને વ્યવસ્થિત તરતીબ સાથે અને સળંગ ધોવા વાજિબ છે, એક અંગને બીજા અંગ પહેલા નહીં અને એક અંગને બીજા અંગ પછી નહીં..

૨૪

ચહેરો ધોયા પછી આપણે બંને હાથ ધોઈશું.

૨૫

બંને હાથ ધોવાની હદ: આંગળીઓ થી લઇ કોળી સુધી, કોળીને પણ સાથે ધોવાની

26

આપણે જમણા હાથની હથેળીની આંગળીઓની આસપાસ થી શરૂઆત કરી એ છીએ અને સાથે સાથે આંગળીઓ વચ્ચે પણ હાથ ફેરવતા રહીશું, ફરી આપણે પાણીને કોળી સુધી પહોંચાડી શું

૨૭

.. ફરી આપણે ડાબા હાથ તરફ ફરીશું, અને તેને પણ આંગળીઓ થી લઇ કોળી સુધી ધોઈશું..

૨૮

ફરી આપણે માથાના મસોહ કરવા તરફ ફરીશું, બંને હાથોને પાણી વડે પલાડીને, ફરી આપણે ભીના હાથને માથાના આગળના ભાગમાં મૂકીશું, ફરી તેને માથાના પાછળના ભાગ સુધી લઇ જઈશું, ફરી તેને ત્યાં થી પાછા લાવીશું જ્યાંથી શરૂઆત કરી હતી..

૨૯

ફરી જે પાણી બચી જશે તેના વડે આપણે બંને કાનનો મસોહ કરીશું, આપણે એક વખત કરીશું..

૩૦

અને કાન પર મસોહ કરવાનો તરીકો એ છે કાનમાં પહેલી આંગળી નાખવી અને સંપૂણ કાનનો મસોહ કરવો, ફરી અંગુઠા વડે કાનના બહારના ભાગનો મસોહ કરવો, આવી રીતે આપણે કાનના અંદર અને બહાર બંને ભાગનો મસોહ કરીશું..

૩૧

ફરી આપણે બંને પગ ધોવા તરફ ફરીશું, અને બંને પગ ધોવાની હદ એ છે: પગની આંગળીઓ થી લઇ ઘૂંટી સુધી, બંને એડીઓ ધોવી વાજિબ છે.

૩૨

આપણે જમણા પગ થી શરૂઆત કરીશું, અને આંગળીઓ વચ્ચે હાથ ફેરવતા રહીશું અને એડી અને પગના ઉપરનો ભાગ પણ ધોઈશું..

૩૩

ફરી આપણે ડાબો પગ ધોઈશું, જેવી રીતે આપણે જમણો પગ ધોયો, આંગળીઓ પર હાથ ફેરવવાનું નહીં ભૂલીએ અને એડી પણ ધોઈશું અને પાણીને ઘુટીઓ સુધી પહોચાડીશું.

૩૪

أشْهَدُ أنْ لا إلهَ إلَّا اللهُ وَحْدَهُ لا شَرِيكَ لَهُ، وأشهدُ أنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُولُهُ

અને હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, તે એકલો છે, તેનો કોઈ ભાગીદાર નથી, અને એ પણ સાક્ષી આપું છું કે મુહમ્મદ ﷺ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે.

૩૫

વઝૂ કર્યા પછી ઝિક્ર અને દુઆ કરવી સુન્નત છે, અને તેને વધારે કરવું પણ સુન્નત છે:

૩૬

اللَّهُمَّ اجْعَلْنِي مِنَ التَّوَّابِينَ، واجْعَلْني مِنَ المُتَطَهِّرِينَ.

હે અલ્લાહ ! મને ખૂબ જ તૌબા કરનાર લોકો માંથી કરી દે અને મને પાક રહેવા વાળાઓ માંથી બનાવી દે.

૩૭

અથવા:

سُبْحانَكَ اللَّهُمَّ وبِحَمْدِكَ، أَشْهَدُ أَنْ لا إِلهَ إِلاَّ أَنْتَ، أَسْتَغْفِرُكَ وأَتُوبُ إِلَيْكَ

હે અલ્લાહ ! તારી ઝાત પવિત્ર છે, દરેક પ્રકારના વખાણ ફક્ત તારા માટે જ છે, હું ગવાહી આપું છું કે તારા સિવાય કોઈ ઇલાહ નથી, હું મારા ગુનાહની માફી માગું છું અને તારી તરફ જ તૌબા કરૂં છું.

મ

સ્ક્રીન પર લખ્યું છે

૧

હું વઝૂ કેવી રીતે કરૂં?

૨

{يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِذَا قُمْتُمْ إِلَى الصَّلَاةِ فَاغْسِلُوا وُجُوهَكُمْ وَأَيْدِيَكُمْ إِلَى الْمَرَافِقِ وَامْسَحُوا بِرُءُوسِكُمْ وَأَرْجُلَكُمْ إِلَى الْكَعْبَيْنِ}

{હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે નમાઝ પઢો તો પોતાના ચહેરાને અને પોતાના હાથોને કોણીઓ સુધી ધોઇ લો, પોતાના માથાઓ પર હાથ ફેરવી લો અને પોતાના પગને ઘુંટીઓ સુધી ધોઇ લો}

[સૂરે અલ્ માઇદહ: 3]

3

બન્નો કાંડા ધોવા

૪

મઝ્મઝહ (મોંના કોગળા કરવા) અને ઇસ્તિન્શાક (નાક સાફ કરવા)

૫

એક સાથે કરવું

૬

અલગ અલગ કરવું

૭

ચહેરો ધોવો

૮

પહેલું

૯

બીજું

૧૦

નિયત અને બિસ્મિલ્લાહ

૧૧

બન્નો કાંડા ધોવા

૧૨

મઝ્મઝહ (મોંના કોગળા કરવા)

૧૩

ઇસ્તિન્શાક (નાક સાફ કરવા)

૧૪

ચહેરો ધોવો

૧૫

બંને હાથ કોળીઓ સુધી ધોવા

૧૬

માથા અને કાનનો મસોહ કરવો

૧૭

બંને પગ ઘૂંટી સુધી ધોવા

૧૮

બંને હાથ ધોવા

૧૯

માથાનો મસોહ કરવો

૨૦

માથાની શરૂઆત = કપાળની વક્રતા અને વાળની મૂળથી શરૂઆત...

૨૧

માથાનો અંત = જ્યાં વાળ પૂરા થાય ત્યાં સુધી..

૨૨

કાનનો મસોહ કરવો

૨૩

બંને પગ ધોવા

૨૪

નબી ﷺ એ કહ્યું:

«ويلٌ للأعقابِ منَ النَّار، أسبِغُوا الوضوء».

«તે એડીઓ (જે સૂકી રહી જાય છે) માટે જહન્નમની વૈલ (બરબાદી) છે, સારી રીતે વઝૂ કરો».

અબૂ દાવૂદ.

૨૫

«أشْهَدُ أنْ لا إلهَ إلَّا اللهُ وَحْدَهُ لا شَرِيكَ لَهُ، وأشهدُ أنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُولُهُ».

અને હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, તે એકલો છે, તેનો કોઈ ભાગીદાર નથી, અને એ પણ સાક્ષી આપું છું કે મુહમ્મદ ﷺ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે.

આ હદીષ મુસ્લિમમાં છે.

26

«اللَّهُمَّ اجْعَلْنِي مِنَ التَوَّابِينَ، واجْعَلْني مِنَ المُتَطَهِّرِينَ».

હે અલ્લાહ ! મને ખૂબ જ તૌબા કરનાર લોકો માંથી કરી દે અને મને પાક રહેવા વાળાઓ માંથી બનાવી દે.

આ હદીષ તિરમિઝીમાં છે.

૨૭

«سُبْحانَكَ اللَّهُمَّ وبِحَمْدِكَ، أشْهَدُ أنْ لا إلهَ إلَّا أنتَ، أسْتَغْفِرُكَ وأتُوبُ إلَيكَ».

હે અલ્લાહ ! તારી ઝાત પવિત્ર છે, દરેક પ્રકારના વખાણ ફક્ત તારા માટે જ છે, હું ગવાહી આપું છું કે તારા સિવાય કોઈ ઇલાહ નથી, હું મારા ગુનાહની માફી માગું છું અને તારી તરફ જ તૌબા કરૂં છું.

ઈમામ નસાઈ રહ. એ "અમલુલ્ યવ્મ વલ્ લૈલ" માં રિવાયત કરી છે.

હું કેવી રીતે નમાઝ પઢું?

નમાઝ, તકબીર એટલે અલ્લાહુ અકબરથી શરૂ થઈ કે તસ્લીમ એટલે સલામ સુધી હોય છે..

મિમ

અવાજ

૧

નમાઝની ઈકામતનો અવાજ..

૨

ઈકામતનો સતત આવતો અવાજ..

નમાઝ પઢનાર વ્યક્તિ માટે નિયત કરવી, સૌથી પહેલું કામ છે, અને નિયતનું સ્થાન દિલ છે

૩

આપણે કિબ્લા તરફ મોઢું કરીએ છીએ, અને જો તમે ઈમામ હોવ અથવા એકલા હોવ તો પોતાની સામે સૂત્રો મૂકો.

૪

અલ્લાહુ અકબર..

તકબીરે તહરીમા (અલ્લાહુ અકબર) કહી આપણે નમાઝમાં દાખલ થઈએ છીએ, અને તકબીર જબાન વડે કહેવી જરૂરી છે.

૫

અને તકબીર કહેતી વખતે આપણે આપણાં બંને હાથ ખભા સુધી ઉઠાવીશું, અને આપણે આપણી આંગળીઓના બોળખા કિબ્લા તરફ કરીશું..

અથવા:

બંને હાથને બંને કાન સુધી એ જ રીતે ઉઠાવીશું..

૬

તકબીર કહ્યા પછી આપણે આપણાં બંને હાથ છાતી પર મૂકીશું, અથવા છાતીની નીચે નાભીની ઉપર, અથવા નાભીની નીચે પણ, દરેક રીતે જાઈઝ છે..

આપણે આપણો જમણો હાથ ડાબા હાથની હથેળી પર મૂકીશું

અથવા જમણા હાથની હથેળીને ડાબા હાથની હથેળીના ઉપરના ભાગ પર મૂકીશું..

અથવા જમણા હાથને ડાબા હાથની કોળી પર મૂકીશું..

૭

«"અલ્લાહુમ્મ બાઇદ બયની, વ બય્ન ખતાયાય કમા બાઅદ્ત બય્નલ્ મશરિકિ વલ્ મગરિબિ, અલ્લાહુમ્મ નક્કીની મિન્ ખતાયાય, કમા યુનક્કષ્ ષવ્બુલ્ અબ્યઝુ મિનદ્ દનસ, અલ્લાહુમ્મગ્ સિલની મિન ખતાયાય બિષ્ ષલ્જિ વલ્ માઇ વલ્ બર્દ" (હે અલ્લાહ ! તું મારા અને મારા ગુનાહો વચ્ચે એટલું અંતર કરી દે જેટલું પૂર્વ અને પશ્ચિમ દરમિયાન છે, હે અલ્લાહ ! મને ગુનાહોથી એવી રીતે પાક કરી દે, જે રીતે સફેદ કપડાં માંથી મેલ સાફ કરવામાં આવે છે, હે અલ્લાહ ! તું મારા ગુનાહોને પાણી, બરફ અને કરાથી ધોઈ નાખ)».

કુરઆન પઢતા પહેલા તકબીરે તહરીમા પછી, દુઆએ ઇસ્તિફતાહ

વડે કરીશું, અને નમાઝની શરૂઆતમાં પઢવામાં આવતી બીજી ઘણી દુઆઓ પણ હદીષમાં વર્ણન કરવામાં આવી છે..

૮

"અઊઝુબિલ્લાહિ મિનશ્ શૈતોનિર્ રજીમ" (હું અલ્લાહની પનાહમાં આવું છું ધૃતકારેલા શેતાનથી).

અલ્લાહની પનાહ વડે શરૂઆત કરીશું, ફરી સૂરે ફાતિહા પઢીશું..

૯

ધીમે ધીમે અને શાંતિપૂર્વક, આપણે એક એક આયત પઢીશું.

૧૦

આમીન..

આમીન કહેવુ, દરેક નમાઝ પઢનાર વ્યક્તિ માટે સુન્નત છે, તે ઈમામ હોય, કે ઈમામની પાછળ પઢનાર અથવા એકલો પણ કેમ ન હોય, અને આમીન સૂરે ફાતિહાની આયત નથી પરંતુ તે એક દુઆ છે જેનો અર્થ: હે અલ્લાહ ! તું કબૂલ કર.

૧૧

આપણે સૂરે ફાતિહા પઢયા પછી જે કંઈ આપણને કુરઆન માંથી એક સૂરત અથવા તેનો ભાગ યાદ હોય તે પઢીશું, ત્યાર બાદ આપણે સહેજ ચૂપ થઈ જઈશું, અને રુકૂઅ કરતાં પહેલા થોડી વાર રોકાઈશું.

૧૨

ફરી "અલ્લાહુ અકબર" (અલ્લાહ સૌથી મોટો છે) કહીશું..

ફરી આપણે રુકૂઅ માંથી ઊભા થતાં પહેલા અલ્લાહુ અકબર કહીશું..

નમાઝમાં આ બીજી જગ્યા છે જ્યાં નબી ﷺ પોતાના બંને હાથ ઉઠાવતા હતા, અર્થાત્ રફઉલ્ યદૈન કરતાં હતાં, આપણાં માટે પણ સુન્નત એ છે કે આપણે આપણાં હાથ બંને ખભા કે બંને કાન સુધી ઉઠાવીએ..

૧૩

આપણે આપણાં હાથની આંગળીઓને ફેલાવીને ઘુંટણો પર એવી રીતે મૂકીશું જાણે કે આપણે તેને પકડી રહ્યા હોય.

આપણે શાંતિપૂર્વક રુકૂઅ કરીશું, અને બંને હાથને બંને બાજુઓથી અલગ રાખીશું, આપણે બંને તરફ ઝુકીને ગાલ તરફના હાડકાને જાહેર નહીં કરીએ.

૧૪

આપણી પીઠ સીધી હોવી જોઈએ, વાંકી નહીં, એવી જ રીતે માથું પણ પીઠની માફક સીધું રાખીશું, ન તો તેને વધારે ઉપર ઉઠાવીશું, ન તો વધારે નીચે ઝુકાવીશું.

૧૫

«"સુબ્હાન રબ્બિયલ્ અઝીમ" (મારો પાલનહાર ઘણો જ બુલંદ છે)».

આપણે ત્રણ વખત તસબીહ પઢીશું, અને તે નીચો દરજ્જો છે, અને એક વખત તસબીહ પઢવી પણ પૂરતી થઈ જશે, અને જો આપણે વધારે વખત પઢવાની ઈચ્છા ધરાવતા હોય તો વધુ વખત પણ પઢી શકીએ છીએ, આપણે હદીષમાં વર્ણન વિવિધ તસબીહ પણ પઢી શકીએ છીએ.

૧૬

રુકૂઅમાં પઢવામાં આવતી દુઆઓ ઘણી છે.

૧૭

"સમિઅલ્લાહુ લિમન હમિદહ" (અલ્લાહ એ સાંભળ્યું, જેણે તેની પ્રસંશા કરી)..

આપણે રુકૂઅ માંથી ઊભા થતી વખતે આ શબ્દો કહીશું, ભલેને આપણે એકલા નમાઝ પઢતા હોય કે ઈમામની પાછળ..

૧૮

પછી આપણે આપણાં બંને હાથ બંને ખભા સુધી કે બંને કાન સુધી ઉઠાવીશું, નમાઝમાં આ ત્રીજી જગ્યા છે, જ્યાં આપણે આપણાં હાથ ઉઠાવીશું, અર્થાત્ રફઉલ્ યદૈન કરીશું..

૧૯

ફરી આપણે આ દુઆ પઢતા સીધા ઊભા રહીશું:

«"રબ્બના વલકલ્ હમ્દ" (હે અમારા પાલનહાર ! દરેક પ્રકારના વખાણ તારા માટે જ છે)».

૨૦

રુકૂઅ માંથી ઊભા થાય પછી આપણે પોતાના હાથ ઉઠાવી પણ શકીએ છીએ અને તેને નીચે પણ રાખી શકીએ છીએ..

૨૧

રુકૂઅ પછી લાંબા સમય સુધી શાંતિ પૂર્વક ઊભા રહેવું સુન્નત છે.

૨૨

ફરી "અલ્લાહુ અકબર" (અલ્લાહ સૌથી મોટો છે) કહીશું..

ફરી આપણે ઊભા થયા પછી તકબીર કહેતા કહેતા જમીન તરફ સિજદો કરવા માટે નીચે જઈશું.

બંને હાથોને ઘુંટણ પહેલા નીચે મૂકીશું અથવા પછી પણ મૂકી શકીએ છીએ, જે આપણાં માટે સરળ હોઇ તે કરીશું.

૨૩

આપણાં માટે સાત હાડકાં વડે સિજદો કરવો વાજિબ છે, જેમકે આપણને આપણાં નબી ﷺ એ શિખવાડ્યું છે:

નાક સાથે કપાળ, બંને હથેળીઓ, બંને પગ, બંને ઘૂંટણ.

૨૪

આપણે પગની આંગળીઓને કિબ્લા તરફ રાખીશું, અને પગને ઉપર ઉઠાવીશું.

આપણે બંને જાંઘોને અલગ કરી ફેલાવીશું, અને પેટને તેનાથી ઉપર રાખીશું.

આપણે બંને કોળીઓને જમીનથી ઉપર રાખીશું, અને તેને બંને બાજુઓથી તેને દૂર રાખીશું, પરંતુ જો આપણે એક જમાઅત સાથે નમાઝ પઢી રહ્યા હોય તો આપણે સચેત રહીને આ પ્રમાણે કરીશું જેથી અન્યને કોઈ તકલીફ ન થાય.

આપણે બંને હથેળીઓને ખભા અથવા કાન બરાબર રાખીશું.

૨૫

«"સુબ્હાન રબ્બિયલ્ અઅલા" (મારો પાલનહાર ઘણો જ બુલંદ છે)»..

આપણે ત્રણ વખત તસબીહ પઢીશું, અને તે નીચો દરજ્જો છે, અને એક વખત તસબીહ પઢવી પણ પૂરતી થઈ જશે, અને જો આપણે વધારે વખત પઢવાની ઈચ્છા ધરાવતા હોય તો વધુ વખત પણ પઢી શકીએ છીએ, આપણે હદીષમાં વર્ણન કરેલ કેટલીક તસબીહ પઢી શકીએ છીએ, આપણે દુનિયા અને આખિરતની ભલાઈ માટે કોઈ પણ દુઆ પઢી શકીએ છીએ.

૨૬

અલ્લાહના રસૂલ ﷺ એ કહ્યું: «બંદો પોતાના પાલનહારની સૌથી નજીક તે સ્થિતિમાં હોઈ છે જયારે તે

સિજદામાં હોઈ છે, તો તમે તે સ્થિતિમાં ખુબ જ દુઆઓ કરો».

૨૭

ફરી "અલ્લાહુ અકબર" (અલ્લાહ સૌથી મોટો છે) કહીશું..

સિજદા માંથી તકબીર કહેતા આપણે માથું ઉઠાવીશું..

આપણે ડાબો પગ ફેલાવીને તેના પર શાંતિ પૂર્વક બેસી જઈશું અને જમણા પગને ઊભો કરી તેની આંગળીઓને કિબ્લા તરફ કરીશું.

અથવા..

આપણે બંને પગને ઊભા કરી બંને એડીઓ પર બેસીશું..

આપણે આપણાં બંને બાજુઓને ફેલાવીશું, અને જમણો હાથ જમણી જાંઘ પર અને ડાબા હાથને ડાબી જાંઘ પર બંને ઘૂંટણ પર મૂકીશું.

૨૮

"રબ્બિગ્ ફિર્લી" (હે મારા પાલનહાર ! તું મને માફ કરી દે)..

જ્યાં સુધી આપણે બંને સિજદા વચ્ચે શાંતિપૂર્વક બેસીશું ત્યાં સુધી આ દુઆ પઢીશું..

૨૯

ફરી "અલ્લાહુ અકબર" (અલ્લાહ સૌથી મોટો છે) કહીશું..

ફરી આપણે બીજો સિજદો કરવા માટે જમીન તરફ ઝુકીશું, અને જે પ્રમાણે કહેવામાં આવ્યું તે જ પ્રમાણે બીજો સિજદો પણ પહેલા સિજદાની માફક જ કરીશું..

૩૦

ફરી "અલ્લાહુ અકબર" (અલ્લાહ સૌથી મોટો છે) કહીશું..

ફરી આપણે બીજી રકઅત માટે ઊભા થઈ જઈશું, અને બીજી રકઅત પણ પહેલી રકઅત પ્રમાણે જ પઢીશું:

બને હાથ છાતી પર મૂકીશું, સૂરે ફાતિહા પઢીશું, અને કુરઆનની આયતો માંથી કોઈ આયત પઢીશું..

ફરી રુકૂઅ કરીશું..

ફરી "અલ્લાહુ અકબર" (અલ્લાહ સૌથી મોટો છે) કહીશું..

ફરી ઊભા થઈશું..

"સમિઅલ્લાહુ લિમન હમિદહ" (અલ્લાહ એ સાંભળ્યું, જેણે તેની પ્રસંશા કરી)..

ફરી સિજદો કરવા માટે જમીન તરફ જઈશું..

ફરી "અલ્લાહુ અકબર" (અલ્લાહ સૌથી મોટો છે) કહીશું..

ફરી આપણે બંને સિજદા કરીશું, અને તશહ્હુદ માટે બેસીશું..

અલ્લાહુ અકબર..

અલ્લાહુ અકબર..

અલ્લાહુ અકબર..

૩૧

બીજી રકઅત પઢયા પછી આપણે તશહ્હુદ માટે બેસીશું અને આપણે પગને અલગ ફેલાવીને બેસીશું..

૩૨

પગ ફેલાવી બેસવાની બેઠક બે રકઅતવાળી નમાઝમાં હોય છે: જેમકે જુમ્માની નમાઝ, બંને ઈદની નમાઝ, અને તે ત્રણ અને ચાર રકઅતવાળી નમાઝમાં પહેલા તશહ્હુદ કહેવામાં આવે છે, અને બંને સિજદા દરમિયાનની પણ બેઠક હોય છે..

૩૩

મોટા શરીરવાળો વ્યક્તિ જો પગ ફેલાવીને ન બેસી શકે તો તેના ઉપર કોઈ ગુનોહ નથી, અથવા પગમાં તકલીફના કારણે પણ ન બેસી શકે તો તેના પણ પર

કોઈ ગુનોહ નથી, વગેરે જેવા કારણો, અને તે પોતાની શક્તિ પ્રમાણે બેસી શકે છે..

૩૪

તશહ્હુદમાં આપણે જમણો હાથ જમણી જાંઘ પર અને પહેલી આંગળી સિવાય બધી આગણીઓ વાળીને મૂકીશું જેથી પહેલી આંગળી વડે ઈશારો કરતાં રહીએ..

૩૫

અથવા અંગૂઠાને બીજી આંગળી સાથે વાળી લઈશું, અને પહેલી આંગળી વડે ઈશારો કરીશું..

૩૬

હા, ડાબા હાથને તો આપણે તેને ડાબી જાંઘના ઘૂંટણ પણ વાળીને મૂકીશું.

તશહ્હુદની સ્થિતિમાં પહેલી આંગળી તરફ જોવું જોઈએ.

૩૭

«"અત્તહિયાતુ લિલ્લાહિ વસ્સલવાતુ વત્તય્યિબાતુ, અસ્સલામુઅલય્ક અય્યુહન્ નબીય્યુ વરહ્મતુલ્લાહિ વબરકાતુહુ, અસ્સલામુઅલય્ના વઅલા ઈબાદિલ્લાહિસ્ સોલિહીન, અશ્હદુ અલ્ લાઈલાહ ઇલ્લલાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદન્ અબ્દુહુ વરસૂલુહુ" ((મારી) દરેક

પ્રકારની ઈબાદતો, જે જુબાન વડે થતી હોય, જે અંગો વડે થતી હોય, અને જે માલ વડે થતી હોય તે ફક્ત અલ્લાહ માટે જ છે, હે પયગંબર ! તમારા પર સલામતી થાય અને અલ્લાહની રહેમતો અને તેની બરકતો નાઝિલ થાય,અમારા પર અને અલ્લાહ ના દરેક સદાચારી બંદાઓ પર પણ સલામતી નાઝિલ થાય, હું ગવાહી આપું છું, કે અલ્લાહ સિવાય કોઈ ઇલાહ(ઈબાદત ને લાયક) નથી અને હું ગવાહી આપું છું કે મુહમ્મદ સલ્લ્લાહુ અલય્હિ વસલ્લમ તેના બંદા અને રસૂલ છે)»

જો નમાઝ ત્રણ રકઅત કે ચાર રકઅતવાળી હોય તો આપણે પહેલા તશહ્હુદમાં આ દુઆ પઢીશું.

અને જો નમાઝ બે રકઅતવાળી હોય, જેમકે ફજરની નમાઝ, જુમ્માની નમાઝ અથવા બંને ઈદની નમાઝ, તો આપણે તશહ્હુદને દરૂદે ઈબ્રાહીમી પઢી પૂરું કરીશું.

«"અલ્લાહુમ્મ સલ્લી અલા મુહમ્મદિવ વઅલા આલિ મુહમ્મદ, કમા સલ્લયતા અલા ઈબ્રાહીમ વઅલા આલિ ઈબ્રાહીમ ઇન્નક હમીદુમ્ મજીદ, અલ્લાહુમ્મ બારિક અલા મુહમ્મદિવ વઅલા આલિ મુહમ્મદ, કમા બારક્તા અલા ઈબ્રાહીમ વઅલા આલિ ઈબ્રાહીમ ઇન્નક હમીદુમ્ મજીદ" (હે અલ્લાહ ! મુહમ્મદ અને તેમની સંતાન પર રહેમતો

નાઝિલ કર જેવી રીતે તે ઈબ્રાહીમ અને તેમની સંતાન પર રહેમતો નાઝિલ કરી, ખરેખર તું વખાણને લાયક અને બુઝુર્ગીવાળો છું, હે અલ્લાહ ! મુહમ્મદ અને તેમની સંતાન પર બરકતો નાઝિલ કર જેવી રીતે તે ઈબ્રાહીમ અને તેમની સંતાન પર બરકતો નાઝિલ કરી, ખરેખર તું વખાણને લાયક અને બુઝુર્ગીવાળો છું)».

૩૮

અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહ..

અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહ..

તશહ્હુદ પૂરી કરી અને નબી ﷺ ની હદીષમાં વર્ણવેલ દુઆઓ પઢી આપણે સલામ ફેરવીશું.. પરંતુ આ બે રકઅતવાળી નમાઝમાં થશે..

૩૯

આપણે શાંતિ પૂર્વક સાંભળીશુ: અલ્લાહુ અકબર

અને જો નમાઝ ત્રણ રકઅતવાળી હોય જેમકે મગરિબની નમાઝ, અથવા ચાર રકઅતવાળી હોય જેમકે ઝોહર, અસર અને ઈશાની નમાઝ.

૪૦

જો આપણે, મગરિબની નમાઝ પઢી રહ્યા હોય તો આપણે પહેલા તશહ્હુદ પછી એક રકઅત પઢવા માટે

ઊભા થઈશું, અથવા બે રકઅત પઢવા માટે ઊભા થઈશું જો આપણે જોહર, અસર અને ઈશાની નમાઝ પઢતા હોય, તેમાં આપણે સૂરે ફ઼ાતિહા પઢીશું, અને તે દરેક વસ્તુ જે આપણે વર્ણન કરી તે કરીશું, જેમાં દરેકની માહિતી પાછળ વર્ણન થઈ ચૂકી છે, જેમકે રુકૂઅ, સિજદો, ઊભા રહેવું બેસવું..

૪૧

અલ્લાહુ અકબર..

૪૨

અને નબી ﷺ દરેક બે તશહ્હુદવાળી નમાઝમાં છેલ્લા તશહ્હુદમાં તવર્રુકની બેઠકે બેસતા હતા..

૪૩

અને તવર્રુક વાળી બેઠક દરેક ત્રણ, ચાર રકઅતવાળી નમાઝમાં છેલ્લા તશહ્હુદમાં કરવામાં આવશે, અને તે બેઠકના પણ ઘણા પ્રકાર છે:

૪૪

જમણો પગ ફ઼ેલાવીને અને ડાબો પગ ઉઠાવીને, અને તેને સહેજ જમણી બાજુથી બહાર કાઢીશુ, અને બંને થાપાને જમીન પર મૂકીશું.

અથવા:

બંને પગ એક સાથે ફેલાવી દઈશું, અને તેને જમણી બાજુથી બહાર કાઢીશું.

અથવા:

જમણા પગને ફેલાવીશું, અને ડાબા પગને જમણા પગની જાંઘો અને પગની વચ્ચેથી બહાર કાઢીશું.

૪૫

છેલ્લા તશહ્હુદની બેઠકમાં આપણે તશહ્હુદ પઢીશું, ફરી આપણે નબી ﷺ પર દરૂદ પઢીશું.

૪૬

તશહ્હુદ પઢયા પછી અને સલામ ફેરવતી પહેલા આપણે અલ્લાહ પાસે ચાર વસ્તુઓથી પનાહ માંગીશું: જહન્નમના અઝાબથી, કબરના અઝાબથી, જીવન અને મૃત્યુના ફિતનાથી, મસીહ દજ્જાલના ફિતનાથી..

આપણે દુનિયા અને આખિરતની કોઈ પણ ભલાઈ માટે દુઆ કરી શકીએ છીએ..

૪૭

અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહ

અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહ..

સલામ વડે જ આપણે નમાઝ ખતમ કરી હલાલ કાર્યો કરી શકીએ છીએ..

૪૮

સલામ વડે આપણે આપણી નમાઝ પૂર્ણ કરીએ છીએ, અસ્તગ્ફિરુલ્લાહ.. અસ્તગ્ફિરુલ્લાહ.. અસ્તગ્ફિરુલ્લાહ.. (હે અલ્લાહ ! હું તારી પાસે માફી માંગું છું અને તારી તરફ પાછો ફરું છું.)

૪૯

નમાઝ પઢનાર વ્યક્તિ માટે સુન્નત તરીકો એ છે કે તે નમાઝ પઢયા પછી ત્રણ વખત અલ્લાહ પાસે માફી માંગે, પછી નબી ﷺ દ્વારા વર્ણવેલ દુઆઓ પઢે..

મિમ

સ્ક્રીન પર લખેલું

૧

જો તમે ઇમામ હોવ કે એકલા નમાઝ પઢનાર હોવ

૨

તકબીરે એહરામ

3

આપણે આપણાં બંને હાથ ખભા સુધી ઉઠાવીશું

૪

અથવા એ જ પ્રમાણે આપણે બંને કાન સુધી હાથ ઉઠાવીશું

૫

આપણે બંને હાથ છાતી પર મુકીશું

૬

અથવા નાભીની ઉપર મુકીશું

૭

અથવા નાભીની નીચે મુકીશું

૮

આપણે જમણો હાથ ડાબા હાથની હથેળી પર મુકીશું

૯

અથવા જમણા હાથને ડાબા હાથની કોળી પર મૂકીશું

૧૦

દુઆએ ઇસ્તિફતાહ (નમાઝ શરૂ કરવાની દુઆ)

૧૧

«"અલ્લાહુમ્મ બાઇદ બયની, વ બય્ન ખતાયાય કમા બાઅદ્ત બય્નલ્ મશરિકિ વલ્ મગરિબિ, અલ્લાહુમ્મ નક્કીની મિન્ ખતાયાય, કમા યુનક્કષ્ ષવ્બુલ્ અબ્યઝુ મિનદ્ દનસ, અલ્લાહુમ્મગ્ સિલની મિન ખતાયાય બિષ્ ષલ્જિ વલ્ માઇ વલ્ બર્દ" (હે અલ્લાહ ! તું મારા અને મારા ગુનાહો વચ્ચે એટલું અંતર કરી દે જેટલું પૂર્વ અને પશ્ચિમ દરમિયાન છે, હે અલ્લાહ ! મને ગુનાહોથી એવી

રીતે પાક કરી દે, જે રીતે સફેદ કપડાં માંથી મેલ સાફ કરવામાં આવે છે, હે અલ્લાહ ! તું મારા ગુનાહોને પાણી, બરફ અને કરાથી ધોઈ નાખ)».

૧૨

અને હદીષમાં બીજી પણ દુઆઓ વર્ણન કરવામાં આવી છે

૧૩

અઉઝુબિલ્લાહ પઢવું

૧૪

"અઊઝુબિલ્લાહિ મિનશ્ શૈતોનિર્ રજીમ" (હું અલ્લાહની પનાહમાં આવું છું ધૃતકારેલા શેતાનથી).

૧૫

સૂરે ફાતિહા

૧૭

("અલ્હમ્દુલિલ્લાહિ રબ્બીલ આલમીન" (દરેક પ્રકારની પ્રશંસા અલ્લાહ માટે જ છે, જે સમગ્ર સૃષ્ટિનો પરવરદિગાર (પાલનહાર) છે.)

"અર્ રહમાનિર્ રહીમ" ((જે) ઘણો જ કૃપાળુ, અત્યંત દયાળુ, (છે))

"માલિકિ યવ્ મિદ્દિન" (બદલાના દિવસ (કયામત) નો માલિક છે.)

"ઈય્યાકનઅબુદ્દુ વઈય્યાકનસ્ તઈન" (અમે ફકત તારી જ બંદગી કરીએ છીએ અને ફકત તારી જ પાસે મદદ માંગીએ છીએ.)

"ઈહ્દિનસ્ સિરોતલ્ મુસ્તકીમ" (અમને સત્ય (અને સાચો) માર્ગ બતાવ.)

"સિરોતલ્લઝીન અન્અમ્ત અલૈહિમ ગૈરિલ્ મઝ્ઝુબિ અલૈહિમ વલઝ્ઝૉલીન" (તે લોકોનો માર્ગ, જેમના પર તે કૃપા કરી. તે લોકોનો (માર્ગ) ન બતાવ, જેમના પર તું ક્રોધિત થયો અને તેમનો પણ માર્ગ ન બતાવ, જેઓ પથભ્રષ્ટ છે.)

૧૭

આમીન

૧૮

આ દુઆનો અર્થ: હે અલ્લાહ ! તું મારી દુઆઓ કબૂલ કર

૧૯

આપણા માટે જે સરળ હશે તે કુરઆન માંથી પઢીશું

૨૦

રુકૂઅ..

૨૧

"અલ્લાહુ અકબર" (અલ્લાહ સૌથી મોટો છે)

૨૨

આપણે આપણી પીઠ સીધી રાખીશું, તેને આડી થવા નહીં દઈએ..

૨૩

"સુબ્હાન રબ્બિયલ્ અઝીમ" (મારો પાલનહાર ઘણો જ બુલંદ છે)

૨૪

રુકૂઅમાં પઢવામાં આવતી નબી ﷺ દ્વારા વર્ણવેલ અન્ય દુઆઓ

૨૫

"સુબ્બૂહુન્ કુદ્દૂસુન્, રબ્બુલ્ મલાઈકતિ વર્ રૂહ" (પવિત્ર છે તે અલ્લાહ જે બરકતવાળો છે અને ફરિશ્તાઓ અને રૂહ (જિબ્રઈલ)નો પાલનહાર છે)..

૨૬

"સુબ્હાનક રબ્બના વબિ હમ્દિક, અલ્લાહુમ્મગ ફિર્લી" (હે અલ્લાહ ! તું પાક છે અને તું જ અમારો પાલનહાર

છે, દરેક પ્રકારના વખાણ ફક્ત તારા જ માટે છે, હે અલ્લાહ ! તું મને માફ માફ કરી દે)..

૨૭

"સમિઅલ્લાહુ લિમન હમિદહ" (અલ્લાહ એ સાંભળ્યું, જેણે તેની પ્રસંશા કરી)..

૨૮

"રબ્બના વલકલ્ હમ્દ, હમ્દન્ કષીરન્ તય્યીબન્ મુબારકન્ ફીહિ" (હે અમારા પાલનહાર ! દરેક પ્રકારના વખાણ તારા જ માટે છે, ઘણા જ વખાણ જેમાં પવિત્રતા અને બરકત છે.)

૨૯

આપણે હાથ છોડી દઈશું

૩૦

અથવા બાંધીને રાખીશું

૩૧

સિજદા ..

૩૨

નાક સાથે કપાળ

૩૩

બંને હથેળીઓ

૩૪

બંને ઘૂંટણો

૩૫

બંને પગ

૩૬

"સુબ્હાન રબ્બિયલ્ અઅલા" (મારો પાલનહાર ઘણો જ બુલંદ છે) ...

૩૭

«બંદો પોતાના પાલનહારની સૌથી નજીક તે સ્થિતિમાં હોઈ છે, જયારે તે સિજદામાં હોઈ છે, તો તમે તે સ્થિતિમાં ખુબ જ દુઆઓ કરો». આ હદીષને ઇમામ મુસ્લિમ રહિમહુલ્લાહ એ રિવાયત કરી છે

૩૮

જિલ્સતુલ્ ઇફ્તિરાશ (અર્થાત્ નમાઝમાં પગ ફેલાવીને બેસવામાં આવતી બેઠક) ..

૩૯

જિલ્સતુલ્ ઇકઆઅ ..

૪૦

"રબ્બિગ્ ફિર્લી" (હે મારા પાલનહાર ! તું મને માફ કરી દે) (ત્રણ વખત)

૪૧

"અલ્લાહુમ્મગ્ ફિર્લી વર્હમની,વજ્બુર્ની, વહ્દિની, વર્ઝુક્ની" (હે અલ્લાહ ! તું મને માફ કરી દે, મારા પર રહમ કર, મારા નુકસાન પૂરા કરી દે, મને હિદાયત આપ, અને મને રોજી આપ) ..

૪૨

સવારની નમાઝ (ફજરની નમાઝ)

૪૩

જુમ્માની નમાઝ

૪૪

બંને ઇદની નમાઝ

૪૫

ઝોહર

૪૬

અસર

૪૭

મગરિબ

૪૮

ઈશા

૪૯

«"અત્તહિયાતુ લિલ્લાહિ વસ્સલવાતુ વત્તય્યિબાતુ, અસ્સલામુઅલયક અય્યુહન્ નબીય્યુ વરહમતુલ્લાહિ વબરકાતુહુ, અસ્સલામુઅલયના વઅલા ઈબાદિલ્લાહિસ્ સોલિહીન, અશ્હદુ અલ્ લાઈલાહ ઇલ્લલાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદન્ અબ્દુહુ વરસૂલુહુ" ((મારી) દરેક પ્રકારની ઈબાદતો, જે જુબાન વડે થતી હોય, જે અંગો વડે થતી હોય, અને જે માલ વડે થતી હોય તે ફક્ત અલ્લાહ માટે જ છે, હે પયગંબર ! તમાર પર સલામતી થાય અને અલ્લાહની રહેમત અને તેની બરકતો નાઝિલ થાય,અમારા પર અને અલ્લાહ ના દરેક સદાચારી બંદાઓ પર પણ સલામતી નાઝિલ થાય, હું ગવાહી આપું છું, કે અલ્લાહ સિવાય કોઈ ઇલાહ(ઈબાદત ને લાયક) નથી અને હું ગવાહી આપું છું કે મુહમ્મદ સલ્લલાહુ અલય્હિ વસલ્લમ તેના બંદા અને રસૂલ છે)»

૫૦

«"અલ્લાહુમ્મ સલ્લી અલા મુહમ્મદિવ વઅલા આલિ મુહમ્મદ, કમા સલ્લયતા અલા ઈબ્રાહીમ વઅલા આલિ ઈબ્રાહીમ ઇન્નક હમીદુમ્ મજીદ, અલ્લાહુમ્મ બારિક અલા મુહમ્મદિવ વઅલા આલિ મુહમ્મદ, કમા બારક્તા અલા ઈબ્રાહીમ વઅલા આલિ ઈબ્રાહીમ ઇન્નક હમીદુમ્ મજીદ"

(હે અલ્લાહ ! મુહમ્મદ અને તેમની સંતાન પર રહેમતો નાઝિલ કર જેવી રીતે તે ઈબ્રાહીમ અને તેમની સંતાન પર રહેમતો નાઝિલ કરી, ખરેખર તું વખાણને લાયક અને બુઝુર્ગીવાળો છું, હે અલ્લાહ ! મુહમ્મદ અને તેમની સંતાન પર બરકતો નાઝિલ કર જેવી રીતે તે ઈબ્રાહીમ અને તેમની સંતાન પર બરકતો નાઝિલ કરી, ખરેખર તું વખાણને લાયક અને બુઝુર્ગીવાળો છું)».

૫૧

જોહર - અસર - મગરીબ - ઈશા

૫૨

ફજર - જુમ્મા- બન્ને ઈદની નમાઝ ..

૫૩

«"અલ્લાહુમ્મ સલ્લી અલા મુહમ્મદિવ વઅલા આલિ મુહમ્મદ, કમા સલ્લયતા અલા ઈબ્રાહીમ વઅલા આલિ ઈબ્રાહીમ ઇન્નક હમીદુમ્ મજીદ, અલ્લાહુમ્મ બારિક અલા મુહમ્મદિવ વઅલા આલિ મુહમ્મદ, કમા બારક્તા અલા ઈબ્રાહીમ વઅલા આલિ ઈબ્રાહીમ ઇન્નક હમીદુમ્ મજીદ" (હે અલ્લાહ ! મુહમ્મદ અને તેમની સંતાન પર રહેમતો નાઝિલ કર જેવી રીતે તે ઈબ્રાહીમ અને તેમની સંતાન પર રહેમતો નાઝિલ કરી, ખરેખર તું વખાણને લાયક

અને બુઝુર્ગીવાળો છું, હે અલ્લાહ ! મુહમ્મદ અને તેમની સંતાન પર બરકતો નાઝિલ કર જેવી રીતે તે ઈબ્રાહીમ અને તેમની સંતાન પર બરકતો નાઝિલ કરી, ખરેખર તું વખાણને લાયક અને બુઝુર્ગીવાળો છું)».

૫૪

અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહ

૫૫

«નબી ﷺ જ્યારે છેલ્લી રકઅતમાં બેસતા, તો પોતાનો ડાબો પગ આગળ કરતા, અને બીજો પગ ઉભો રાખતા અને પોતાના થાપા વડે બેસતા». આ હદીષને ઇમામ બુખારી રહિમહુલ્લાહએ રિવાયત કરી છે.

૫૬

તવર્રુકની બેઠક

૫૭

«"અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુબિક મિન્ અઝાબિ જહન્નમ, વમિન અઝાબિલ્ કબ્રી, વમિન ફિત્નતિલ્ મહ્યા વલ્ મમાતિ, વમિન્ ફિત્નતિલ્ મસીહીદ્ દજ્જાલ" (હે અલ્લાહ ! હું તારી પનાહ માંગુ છું કબરના અઝાબથી અને જહન્નમના અઝાબથી અને જિંદગી અને મૌતના ફિતનાથી અને મસીહ દજ્જાલના ફિતનાની બુરાઈથી)».

આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહ એ રિવાયત કરી છે.

૫૮

«"અલ્લાહુમ્મ ઇન્ની ઝલમતુ નફસી ઝુલમન્ કષીરન્, વલા યગ્ફિરુઝ્ ઝુનૂબ ઇલ્લા અન્ત, ફગ્ફિર્લી મગ્ફિરતમ્ મિન્ ઇન્દિક વર્ હમ્ની ઇન્નક અન્તલ્ ગફૂરુર્ રહીમ" (હે અલ્લાહ ! મેં મારા પર ઘણો જુલમ કર્યો છે, અને તારા સિવાય કોઈ ગુનાહ માફ કરી શકતું નથી, તું મારા ગુનાહ માફ કરી દે અને મારા પર રહેમ કર, ખરેખર તું ઘણો જ માફ કરનાર અને રહેમ કરવાવાળો છે.)».

૫૯

અસ્તગ્ફિરુલ્લાહ (ત્રણ વખત)

૬૦

અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેમણે કહ્યું: મેં નબી ﷺ ને કહેતા સાંભળ્યા: «કયામતના દિવસે બંદાને તેના કાર્યો માંથી જે કાર્ય વિશે સૌથી પહેલા પૂછવામાં આવશે તે નમાઝ હશે; જેની નમાઝ બરાબર હશે તો તો સફળ અને કામયાબ થશે અને જો તેમાં કોઈ ખોટ હશે તો તે નાકામ થઈ અસફળ થયો». આ હદીષને

ઇમામ અબૂ દાવૂદ, ઇમામ તિર્મિઝી અને ઇમામ નસાઈ એ રિવાયત કરી છે.

અનુક્રમણિકા

No table of contents entries found

gu187v1.0 - 03/09/2026